પ્રેરક: હાલાર-દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ.

સવિ જીવ કરું શાસન રસી

# શ્રી મહાવીર શાસન

(શાસન માન્ય માસિક)

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ ।

વર્ષ : ૩૮ ] [ અંક : ૨ જો

વાર્ષિક લવાજમ રૂા. ૨૧ * પરદેશમાં રૂા. ૬૧ * પરદેશ એરમેલ રૂા. ૧૫૧

વીર સં. ૨૫૧૬ : વિ. સં. ૨૦૪૬ : મહા શુદ ૬ ગુરૂવાર તા. ૧-૨-૯૦

## પરવડી સંભવનાથ આદિ જિનબિંબ પ્રતિષ્ઠા વિશેષાંક

પરવડી (પાલીતાણા)નગરે નવનિર્મિત નૂતન જિનાલય મધ્યે શ્રી સંભવનાથ સ્વામિ આદિ પરમતારક શ્રી જિનબિંબોને ગાદી નશીન કરવાનો ઉજવાયેલ પુણ્ય પ્રસંગ :

: શુભ-મંગલ આશીર્વાદ દાતા :

શ્રી જિનશાસનના મહાનજ્યોતિર્ધર, અણનમ અણગાર, તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય

રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજ

: તારક નિશ્રાદાતા :

હાલાર દેશોદ્ધારક કવિરત્ન સ્વ. પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન શાસન સંરક્ષક-આગમ-શ્રુતરક્ષક પૂજ્યપાદ આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

## વાત અમારા અંતરની....

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓનો આ વિશ્વના સમસ્ત પ્રાણિગણ ઉપર સાચો-વાસ્તવિક ઉપકાર છે.

જગતના સઘળા ય જીવો સુખના અર્થી છે અને દુઃખના ભીરૂ છે. બધા જીવોને દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને આવ્યા પછી કદી ય નાશ ન પામે તેવું સુખ જોઇએ છે પણ તે સુખ કયાં છે અને કેવી રીતે મળે તેમ છે તેનો તેઓને ખ્યાલ ન હોવાથી મનમાન્યા સુખ પ્રાપ્તિ માટે જે જે ઉપાય કરે છે તેથી દુઃખ, દુઃખ અને દુઃખ જ પામે છે. જીવો જે સુખ ઇચ્છે છે તે કેવી રીતે મળે તેનો સાચો માર્ગ બતાવનાર શ્રી અરિહંત પરમાત્મા છે અને તે જ તેઓનો સમસ્ત જીવગણ ઉપર વાસ્તવિક કોટિનો ઉપકાર છે. આ વાત જયાં સુધી આપણા અંતરમાં બેસે નહિ ત્યાં સુધી શ્રી અરિહંત પરમાત્માઓ પ્રત્યે સાચી ભકિત પેદા થાય નહિ.

ભકિત એ ભાવ માગે છે. ભાવ એ અંતરમાં પેદા થાય છે. તે પેદા થવા માટે મોક્ષની ઇચ્છા થવી જોઈએ. તે મોક્ષની ઇચ્છા પેદા કરવા માટે આ દુનિયાના નાશવંતા સુખો પ્રત્યે ઉદ્વેગ જાગવો જોઇએ. એ ઉદ્વેગ જગાડવા માટે શ્રી અરિહંત પરમાત્માઓએ પ્રરૂપેલી અનિત્યાદિ ભાવનાઓનું પરિશીલન જરૂરી છે. એ ભાવનાઓથી ભાવિત મતિવાળાને જ શ્રી અરિહંત પરમાત્માને સાચી રીતે ઓળખવાનું મન થાય અને જેમ જેમ એ તારકોની ઓળખ થતી જાય તેમ તેમ એ તારકોની આજ્ઞાને સાચી રીતે સમજવાનો પ્રયત્ન થાય અને જેમ જેમ એ તારકોની આજ્ઞા સાચી રીતે સમજાતી જાય તેમ તેમ એ તારકો પ્રત્યે સાચો ભકિતભાવ હૃદયમાં પેદા થાય છે.

આ રીતે સાચી ભકિત પેદા થતાં એ તારકો પ્રત્યે સાચી પ્રીતિ જન્મે છે. અને એ ભકિત અને પ્રીતિના યોગે જીવને આ દુનિયામાં શ્રી અરિહંત પરમાત્મા વિના કોઇ જ આધારભૂત લાગતું જ નથી. તેથી એ તારકોનાં શ્રી જિનમંદિરો બંધાવવાના અને એ તારકોની મૂર્તિઓ ભરાવી તેને અંજનાદિ કરાવી પ્રતિષ્ઠા કરાવવાના મનોરથો જન્મે છે. જેના યોગે અનેક ભવ્યાત્માઓને આ સંસારસાગર તરવાનું સુંદર આલંબન પ્રાપ્ત થાય અને આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને નિર્મલતા દ્વારા જીવ પોતાના સ્વસ્વરૂપને પ્રગટ કરી સાચા સુખને પામે.

આવો જ એક પ્રતિષ્ઠા મહોત્સવ પરવડી (પાલીતાણા)નગરે; નવનિર્મિત નૂતન શ્રી જિનાલયમાં શ્રી સંભવનાથ સ્વામિ આદિ પરમ તારક શ્રી જિનબિંબોને ગાદીનશીન કરવાનો; પરમ શાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ, તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના મંગલ આશીર્વાદથી; હાલાર દેશોદ્ધારક, કવિરત્ન સ્વ. પૂ. આ. શ્રી વિ. **અમૃતસૂરીશ્વરજી** મ.ના પટ્ટધર શાસન સંરક્ષક-આગમ-શ્રુતરક્ષક પૂ. આ. શ્રી વિ. **જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની તારક

નિશ્રામાં ઉજવાયો. જેને તે નજરે જોયો તે તો ધન્ય બન્યા પણ 'કરણ કરાવણ અનુમોદન, સરખું ફલ નિપજાવે' એ વચન દ્વારા **મહાવીર શાસનના** વાચકો પણ અનુમોદનાના ભાગી બને તે શુભ આશયથી તેનો વિશેષ અહેવાલ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. પ્રાપ્ત માહિતી અનુસાર નામ આદિ આપેલ છે છતાં કોઇ નામમાં ક્ષતિ રહી હોય તો તે બદલ દિલગિરિ વ્યક્ત કરીએ છીએ.

સૌ કોઇ આ અંકને શાંતચિત્તે વાંચી, શ્રી જિન ભકિતના પરમાર્થને પામી, સાચા જિનભકત બનવાના મનોરથ સેવી, આજ્ઞા મુજબની શ્રી જિનભકિતના આરાધક બની વહેલામાં વહેલા આત્મકલ્યાણને સાધો તે જ મંગલ કામના સહ વિરમીએ છીએ.

—સંપા૦ મ.×શા.

---

## આમંત્રણ પત્રિકાની આરસીમાં

નવનિર્મિત નૂતન શ્રી જિનાલયમાં પરમતારક શ્રી જિનબિંબોને ગાદીનશીન કરવાના પુણ્ય પ્રસંગે પધારવા સકલ શ્રી સંઘને આમંત્રણ આપતી, નયનરમ્ય, આકર્ષક મુખ પૃષ્ઠથી ઓપતી, રંગબેરંગી કલરવાળી સુંદર આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી.

પ્રતિષ્ઠા પ્રસંગે; શ્રી **પરવડી શ્વે. મૂ. તપ. જૈન સંઘ** વતી લિ. સ્વ. **શેઠ શ્રી રણછોડદાસ પરષોત્તમદાસ ધનજી મહેતા પરિવાર** (પરવડીવાળા) તરફથી નિમંત્રક તરીકે આકર્ષક મુખ પૃષ્ઠથી શોભતી, રંગબેરંગી કલરથી યુકત બુકલેટાકાર પત્રિકા બહાર પાડવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે–

**શ્રી સંભવનાથાય નમઃ**

**અનંતલબ્ધિનિધાન ગૌતમ સ્વામિને નમઃ**

દેવગુરૂ ભકિતકારક શ્રી નમસ્કાર મહામંત્ર સ્મારક ધર્મ બંધુ શ્રી ____________

____________________ મુ. ____________

એતાન શ્રી **પરવડી**થી લિ. શ્રી **શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ વતી** પ્રણામ વાંચશો. અત્રે દેવગુરૂ કૃપાથી આનંદમંગલ છે. ત્યાં પણ વર્તતા હશે !

વિશેષમાં જણાવવાનું કે **પરવડી ગામ** પાલીતાણાથી માનગઢ થઇને ૨૩ કિલોમીટર થાય છે. ત્યાંથી ગારીયાધાર ૬ કિલોમીટર થાય છે. વિહારનો રસ્તો હોવાથી પૂજ્ય ગુરૂદેવોનો લાભ અવારનવાર મળતો રહે છે.

સંવત ૧૯૭૪ માં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** (તે વખતે મુનિવર) તથા પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ** (તે વખતે મુનિવર) પધારેલા-અને આઠ દિવસ સ્થિરતા કરેલી;

તે જ વખતે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અને તેઓ શ્રીજીની નિશ્રામાં અમારે ત્યાં ગૃહમંદિરનો પ્રારંભ થયો હતો.

અમારા શ્રી સંઘના સદ્ભાગ્યે અમારા ગામમાંથી સંયમી બનેલા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત શ્રી વિજય કમલ સૂરીશ્વરજી મહારાજ** હતા. જેઓ શ્રી પરમ પૂજ્ય **મુલચંદજી** (મુક્તિ વિજયજી) મહારાજના પટ્ટધર હતા. અમારા શ્રી સંઘના પુણ્યોદયે

**તે જ સાચો લાભ લે !**

પરમ તારક શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. જેઓને ધનની કિંમત નહિ હોય તેવા આત્માઓ જ આનો લાભ લઇ શકશે. ધન એ તો જીવનો પ્રાણ લેનાર છે. ધનની ગાઢ મૂર્છા પંચેન્દ્રિયમાંથી જીવને એકેન્દ્રિય બનાવનાર છે. ધનને કિંમતી માનનાર ધનવાન નહિ પણ ધનનો ગુલામ છે. ધનને પરિગ્રહ નામનું પાપ અને હાથનો મેલ સમજનારા જ આ પ્રતિષ્ઠા-પ્રસંગનો લાભ લઈને આને સાચો આત્માનો ઉત્સવ બનાવી શકે છે.

**—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !**

પ. પૂ. **તપોમૂર્તિ કર્પૂરસૂરીશ્વરજી મ.**ના પટ્ટધર હાલારદેશોદ્ધારક પૂ. આ. **શ્રી વિ. અમૃતસૂરીશ્વરજી મ.** પધારતાં રૂમમાં રહેલા પ્રભુજીનો ફેરફાર કરી અને સારૂં ગૃહમંદિર બાંધવાનું નક્કી કર્યું. અને તે અંગે પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ** (તે વખતે મુનિવર)ની પ્રેરણા માર્ગદર્શન મુજબ અમે તેનો પ્રારંભ કર્યો.

તેઓશ્રીની નિશ્રામાં અમારા ગામના સ્વ. શેઠ **શ્રી રણછોડદાસ પરશોતમદાસ મહેતા** દ્વારા **મૂળનાયક શ્રી સંભવનાથજી** તથા **શેઠ શ્રી રમણીકલાલ ગોપાળજી** તરફથી **શ્રી આદિનાથજી** તથા **શેઠ શ્રી ચંપકલાલ નાગરદાસ શામજી શાહ** તરફથી **શ્રી શાંતિનાથજી** એમ ત્રણ બિંબો **ભીવંડી મુકામે અંજનશલાકા** કરાવીને પરવડી પધરાવામાં આવ્યા.

અમારા ભાગ્યની વૃદ્ધિ થતા પરમ પૂજ્ય આગમ દિવાકર **આચાર્ય ભગવંત શ્રીમદ્**

**વિજય માનતુંગસૂરીશ્વરજી** મહારાજની પધરામણી થઇ અને **શ્રી હસ્તગિરિ તીર્થોદ્ધાર** થતો હોવાથી અવારનવાર અત્રે લાભ આપતા. તેઓશ્રીએ આ વિસ્તારમાં પંચતીર્થી થાય, તે માટે શિખરબંધી દેરાસર થાય તેવો ઉપદેશ આપ્યો અને તે ઉપદેશથી **અમને** પણ શિખરબંધી મંદિરની પ્રેરણા મળી. મંદિર તૈયાર થયું. તેઓશ્રી તથા **પૂજ્ય** આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજનો યોગ સાથે મળે તેવી અમારી ભાવના હતી. તેવો યોગ મળવા છતા અમે એ સાધી શકયા નહીં. અને સંવત ૨૦૪૪માં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ દિવંગત થયા. અમારું કાર્ય ઠંડું પડયું.

પરંતુ અમારા અહોભાગ્યે પરમશાસન પ્રભાવક તપાગચ્છાધિરાજ શાસન–શિરોમણિ **આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી** સપરિવાર શ્રી **હસ્તગિરિ મહાતીર્થની અંજનશલાકા પ્રતિષ્ઠા માટે** પધારતા અમારા પણ પ્રતિષ્ઠાના કાર્ય માટે ઉત્સાહ જાગ્યો. આ પછી પાલિતાણા મુકામે પૂ. ગચ્છાધિપતિશ્રીજીને સપરિવાર પધારવા વિનંતિ કરી, તેઓશ્રીજીએ અનુકુળતા મુજબ આવવાની સંભાવના રાખી મુનિવરોને મોકલવા કૃપા કરી છે.

પરમ પૂજ્ય પ્રશમનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ **આચાર્ય ભગવંત શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તરફથી અમને અનેક રીતે માર્ગદર્શન અને પ્રેરણા મળી છે અને તેઓશ્રીને વિનંતિ કરતા કૃપા કરીને અમારી વિનંતિ સ્વીકારી છે અને આ પાવન

પરમ પૂજ્ય **આચાર્ય શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ** તથા પૂજ્ય મુનિવર **શ્રી યોગીન્દ્રવિજયજી મહારાજ** સાહેબ અમારા માટે સદા માર્ગદર્શક રહ્યા છે તેઓશ્રી પણ અમારી વિનંતિથી આ તષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારશે.

પૂ. **આચાર્ય** ભગવંત **શ્રી** વિજય **મુક્તિચંદ્રસૂરીશ્વરજી**ના શિષ્ય પૂ. **પંન્યાસજી શ્રી પ્રભાકરવિજયજી ગણિવરજી**એ પણ અમને ઘણું માર્ગદર્શન આપ્યું છે. અને તેઓશ્રીને આ પ્રસંગે પધારવા વિનંતી કરી છે.

## શેઠ શ્રી રણછોડદાસ પરસોતમદાસ ધનજી મહેતા

**પરિવાર (પરવડીવાળા)**

ત્રીજે માળે, ૩૪/૩૬ શામ શેઠ સ્ટ્રીટ–મુંબઇ–૨

આ પ્રતિષ્ઠા મહોત્સવ અંગેની બોલીઓ મુંબઈ મુકામે અમારા શ્રી સંઘ દ્વારા બોલાતા ઘણા ઉત્સાહ અને ઉદારતા પૂર્વક બોલીઓ વિગેરે થઈ છે. આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી શાંતિસ્નાત્ર તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું આયોજન કર્યું છે.

નિમંત્રક : શ્રી પરવડી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ વતી સ્વ. શેઠ શ્રી **રણછોડદાસ પરસોત્તમદાસ ધનજી મહેતા** સહ પરિવાર (પરવડીવાળા)

**જલસો નહિ પણ આત્માનો ઉત્સવ બનાવો !**

જે આત્માઓને શ્રી અરિહંત પરમાત્માઓની સાચી ઓળખ થાય છે, તેવા આત્માઓ જ ખરેખર આજ્ઞા મુજબ તેમની સાચી ભક્તિ કરે છે. મહાપુણ્યોદયે આવા પ્રતિષ્ઠાના પ્રસંગો પ્રાપ્ત થાય છે તો તે 'જલસો' 'જલસો' નહિ રહેવો જોઈએ પણ તે 'જલસો' આત્માનો ઉત્સવ થવો જોઈએ. તે ત્યારે જ બને કે તે પરમતારકોની સાચી ઓળખ થાય તો !

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

## માણીએ મહોત્સવના મંડપને :

### કારતક વદિ-૪ ને ગુરૂવાર

પૂ. આચાર્યદેવેશશ્રીજીનો મંગલ પ્રવેશ.

પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. તથા પૂ. મુ. શ્રી પૂર્ણાનંદ વિ. મ. પૂ. શાંતિભદ્ર વિ. મ. તથા પૂ. મુ. શ્રી જિનયશ વિ. મ. તથા પૂ. મુ. શ્રી મુક્તિયશ વિ. મ. આજે સવારના પ્રતિષ્ઠા નિમિત્તે બેંડવાજા સહિત ખૂબ આનંદ ઉલ્લાસ સાથે મંગલ પ્રવેશ કરાયો હતો. બંગલેથી વાજતે-ગાજતે પૂજ્ય શ્રીજી આદિ ગામમાં ફરી મંડપમાં પધાર્યા હતા. ત્યાં માંગલિક શ્રવણ કરાવ્યું હતું.

### કારતક વદિ-૫, શુક્રવાર

આજે સવારના શા. ગોપળજી હેમચંદ પરિવાર તરફથી માંગલિક રૂપે શ્રી સ્નાત્ર પૂજા ભણાવાઈ હતી. બપોરના પૂ. આચાર્યશ્રીજીનું પુણ્ય પ્રવચન થયું હતું.

રાત્રે આખા ગામની સભા થઇ હતી તેમાં પ્રતિષ્ઠા અને જૈન ધર્મની મહત્તા તથા

જીવનમાં નીતિ પ્રમાણિકતા આદિ અંગે પૂજ્યશ્રીનું ૧।। કલાક પ્રવચન થયું હતું, સર્વ મંગલ બાદ ગ્રામજનોએ આવા ભવ્ય પ્રસંગે વરઘોડો તથા બીજી વ્યવસ્થા અને ગામ જમણ ૧૦ હજારની સંખ્યાનું હોવાથી તે અંગે ખડે પગે સેવા આપવા નિર્ણય કર્યો હતો.

આજના આખા દિવસની સાધર્મિક ભકિતનો લાભ સ્વ. શેઠ શ્રી પરસોતમદાસ ધનજી મહેતા પરિવારે લીધો હતો.

## કારતક વદિ–૬ ને શનિવાર

આજે સવારના પૂ. આચાર્યશ્રીજીના પ્રવચન બાદ બોલીઓ બોલાતા તે તે ભાગ્યશાલીઓએ તેનો લાભ લીધો હતો.

બપોરના શ્રી પંચકલ્યાણકની પૂજા; શેઠ શ્રી ચંપકલાલ નાગરદાસ શાહ તરફથી ભણાવઇ હતી.

આજની સવાર–બપોર અને સાંજની સાધર્મિક ભકિતનો લાભ ક્રમશઃ શેઠ શ્રી પાનાચંદ ગુલાબચંદ મઢડાવાળા અને શેઠ શ્રી ચંદુલાલ મોતીલાલ પાલીતાણાવાળાએ; શેઠ શ્રી પ્રાગજી જાદવજી પરીવાર અને શેઠ શ્રી મંગલજી દેવચંદ સંઘવી (ગોલરામા) અને શેઠ શ્રી મોતીચંદ જગજીવનદાસ તથા શેઠ શ્રી હરીચંદ શામજી પરિવારે લીધો હતો.

## કારતક વદિ–૭ ને રવિવાર

નિત્યક્રમ મુજબ પૂજ્યશ્રીજીનું પ્રવચન થયું. ભાવિકો પ્રવચન આદિમાં સારો લાભ લેતા હતા. રાત્રે ભાવનામાં પણ સારો લાભ લેવાતો હતો આરતી મંગલ દીવાની બોલીઓ સારી થતી હતી.

બપોરના વિજય મુહૂર્તે શ્રી સિદ્ધચક્રપૂજનઃ સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરશોતમદાસ મહેતા પરિવાર તરફથી સ્કુલમાં ભણાવવામાં આવ્યું હતું. જયાં ભવ્ય મંડપ ગેટ વિગેરે તૈયાર કરવામાં આવ્યા હતા. વિધિમાં શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ તથા સંગીતકાર શ્રી દલપતભાઇની મંડળીએ સુંદર રાસ જમાવ્યો હતો. આજની આખા દિવસની સાધર્મિક ભકિતનો લાભ શેઠ શ્રી હેમચંદ ગોપાળજી શાહ પરિવારે લીધો હતો.

પરવડી જિનબિંબ પ્રતિષ્ઠા વિશેષાંકને હાર્દિક શુભેચ્છા...

શેઠશ્રી ચુનીલાલ ગોપાળજી શાહ
પરિવાર પરવડીવાળા

સી–૩૧૦ દત્તાણીનગર–૧, કોરા કેન્દ્ર પાસે,
એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઇ–૯૨

## કારતક વદિ-૮ ને સોમવાર

પૂજ્યશ્રીજીનું પ્રાસંગિક પ્રવચન થયું બાદ શુભ સમયે કુંભસ્થાપન દીપક સ્થાપન જવારારોપણ કરવામાં આવ્યું હતું.

બપોરના નવગ્રહાદિ પાટલા પૂજન; પ્રતિષ્ઠાનો લાભ લેનાર સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરશોતમદાસ મહેતા અને શેઠશ્રી હેમચંદ ગોપાલજી શા., શેઠ શ્રી રમણીકલાલ ગોપાલજી શા. અને શ્રીમતી તારાબેન ચુનીલાલ ગોપાલજી શાહ તરફથી ભણાવાયું હતું.

### તો જ કલ્યાણ થાય ?

શ્રી અરિહંત પરમાત્મા હૈયામાં બેસે તો જ કલ્યાણ થાય. માત્ર વાયડી વાતો કરવાથી કલ્યાણ ન થાય. શ્રી અરિહંત પરમાત્માને હૈયામાં બેસાડવા માટે તે પરમ તારકોની આજ્ઞા હૈયામાં જચાવવી પડે. તે માટે મિથ્યાત્વને દૂર કરવું પડે અને સમ્યક્ત્વ પામવું પડે. **શ્રી જૈનશાસનમાં માત્ર અહિંસા કે માત્ર સત્યમાં ધર્મ નથી પણ ભગવનાની આજ્ઞામાં જ ધર્મ છે.** ભગવાનની આજ્ઞા ન માને તે પરમત્યાગી અને તપસ્વી હોય તો પણ શ્રી વીતરાગના શાસનમાં તેની કાંઇ કિંમત નથી.

પરમ તારક શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલી રહ્યો છે જેને પૈસાની કિંમત ન હોય તેને પ્રભુની અને પ્રભુપ્રતિષ્ઠાની કિંમત હોય, પૈસાની કિંમતવાળા આત્માને પ્રભુની કે પ્રભુપ્રતિષ્ઠાની કિંમત ન હોય. પૈસાના દુશ્મન બને તેને માટે જ આ ઉત્સવ કલ્યાણકારી થાય.

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. !

આજની સાધર્મિક ભકિત, સવારની શેઠ શ્રી બાવચંદ કુંવરજી અને શેઠ તલકચંદ કુંવરજી તરફથી, બપોરની શેઠ શ્રી ગોપાલજી લાલચંદ હ. ગંભીરભાઈ તરફથી અને સાંજની શેઠ શ્રી પ્રાગજીભાઇ હાપાભાઇ અને શેઠ શ્રી શા. મગનલાલ નાનચંદ (કેરીયાવાળા) પરિવાર તરફથી કરવામાં આવી હતી.

## કારતક વદિ-૯ ને મંગળવાર

આજે સવારના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢયો હતો કે જે અત્રેથી ચઢી ગામમાં મુખ્ય માર્ગેથી ગારીઆધાર રોડ ઉપર બંગલા સુધી જઇ બહારને રસ્તે ગામમાં આવેલ.

રથ હાથી બે બગીઓ ધોરાજી તથા ગારીઆધારના મંડળનું એમ બે બેંડ રથ પાલખી બેડાં તેમજ ગામના ભાવિકોએ ઝુલો મોતીના ઝુલખા, મોડ રાસ વગેરે શણગારેલા બળદો સાથેના ૩૬ ગાડાઓ વરઘોડામાં લાવ્યા હતા ૨ ઊંટ તથા ૮ ઘોડા ભાવિકોએ વરઘોડામાં ફ્રી આપ્યા હતા. પાંચેક હજાર માણસ વરઘોડામાં જોડાયું હતું. બાકી મકાનો અટારીઓમાંથી વરઘોડો જોવા કતારો લાગી હતી. અપૂર્વ અને આકર્ષક હતો. ગ્રામજનોએ મોટી સંખ્યામાં સ્વયંસેવક તરીકે સેવા બજાવી હતી.

વરઘોડાને નીહાળવા ગામના ઉપરાંત આજુબાજુના ગામોમાંથી પણ લોકો આવ્યા હતા. નાના ગામમાં આવો વરઘોડો જોઇ પોતાની જાતને ધન્ય માનતા હતા.

બપોરના શ્રી સંઘ તરફથી અઢાર અભિષેકની વિધિ કરવામાં આવી હતી.

આજની સાધર્મિકભકિત સવારની શેઠ શ્રી ચંપકલાલ નાગરદાસ અને સ્વ. શેઠ શ્રી મોહનલાલ. ગોવિંદજી શાહ (દહાણુવાળા) તરફથી, બપોરની શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ અને સ્વ. શેઠ શ્રી પરસોતમદાસ ધનજી મહેતા પરિવાર તરફથી અને સાંજની શેઠ શ્રી શા. ચુનીલાલ ગોપાલજી પરિવાર અને શેઠ શ્રી ગોવિંદજી ભીખાજી પરિવાર તરફથી કરાઇ હતી.

## કારતક વદિ–૧૦ ને બુધવાર

આજે સવારના શુભ મુહૂર્તે; પુણ્યાહં પુણ્યાહં, પ્રીયંતામ્ પ્રીયંતામ્' આદિ મંત્રોચ્ચારો સાથે, બેન્ડવાજાના મધુર નાદો સાથે, ભાવિકોના હર્ષોલ્લાસ સાથે નૂતન શ્રી જિનાલયમાં શ્રી સંભવનાથ સ્વામિ ભગવાન આદિને તે તારક શ્રી જિનબિંબોને તેનો લાભ લેનારે ભાગ્યશાલિઓએ ગાદીનશીન કર્યા હતા. ત્યારપછી પૂ. આચાર્યદેવે તે બિંબો ઉપર વાસનિક્ષેપ કર્યો હતો અને પછી બાકીની વિધિ કરાઇ હતી.

### : પ્રતિષ્ઠા કરાવનાર ભાગ્યશાલીઓ :

| ભગવાનનું નામ | પ્રતિષ્ઠા કરાવનાર |
|---|---|
| ૧. મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન | શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ |
| ૨. શ્રી આદિનાથ ભગવાન | શેઠ શ્રી રમણીકલાલ ગોપાલજી |

પરવડી જિનબિંબ પ્રતિષ્ઠા વિશેષાંકને હાર્દિક શુભેચ્છા....

**શેઠ શ્રી રમણિકલાલ ગોપાલજી**

પરિવાર પરવડીવાળા

ડોંબીવલી (જી. થાણા) મહા.

પરવડી (વાયા–પાલીતાણા) સૌરાષ્ટ્ર

| ભગવાનનું નામ | પ્રતિષ્ઠા કરાવનાર |
|---|---|
| ૩. શ્રી શાંતિનાથ ભગવાન | શ્રીમતી તારાબેન ચુનીલાલ ગોપાલજી સપરિવાર |
| ૪. કાયમી ધ્વજા દંડ | સ્વ. શેઠ શ્રી પરશોતમદાસ ધનજી મહેતા પરિવાર |
| ૫. કળશ સ્થાપન | સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરશોતમદાસ મહેતા પરિવાર |
| મંગલ મૂર્તિ—૧ | શ્રીમતી વિમલાબેન હેમચંદ શાહ |
| ,, —૨ | ગં. સ્વ. શ્રીમતી નિર્મળાબેન રણછોડદાસ મહેતા. |
| ,, —૩ | શ્રીમતી નિરંજનાબેન રાજેન્દ્રભાઈ દોશી. |

## શ્રી જૈનશાસનની શાહુકારી !

શ્રી જૈનશાસનની શાહુકારી જુદી છે. પૈસા બોલીને તરત જ આપી દે તે શાહુકાર કહેવાય કે વાયદા કરે તે શાહુકાર કહેવાય ?

શ્રી પેથડશા મંત્રીને તમો સૌ ઓળખો છો ? એકવાર શ્રી પેથડશા અને દિગંબર મતના એક ભાઈ; બન્ને પોતપોતાના સંઘ સાથે શ્રી ગિરનારજી તીર્થ પર ભેગા થયા અને આ તીર્થ કોનું તેનો વિવાદ ઊભો થયો. તે વખતે વધુ બોલી બોલીને જે તીર્થ-માળ બોલે તેનું તે તીર્થ તેવો નિર્ણય થયો. પેથડશાએ ૫૬ ઘડી સોનું બોલીને આદેશ મેળવ્યો, અને તુરત જ તેટલું સોનું લેવા સાંઢણીઓ રવાના કરી. જ્યાં સુધી બોલીની રકમ ન આપું ત્યાં સુધી પેથડશાહે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર્યો. બીજે દિવસે છેક સાંજના સમયે સૂર્યાસ્તની બે ઘડી પહેલા સાંઢણીઓ આવી, સૂર્યાસ્તની બે ઘડી પહેલાં શ્રાવક ચોવિહાર કરે એટલે પેથડશાને ચોવિહાર છઠ્ઠ થયો તેમ સંઘના અન્ય આગેવાનોને પણ ચોવિહાર છઠ્ઠ થયો. બોલીના પૈસા આપ્યા પછી જ પારણું કર્યું.

શ્રી જૈન શાસનમાં બોલી બોલીને તરત જ પૈસા આપવા તેનું નામ જ સાચી શાહુકારી છે.

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

આઠમના ગામ ઝાંપે ચોખા (સ્વામીવાત્સલ્ય) શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ. શેઠ શ્રી રમણીકલાલ ગોપાલજી શાહ તથા શ્રીમતી તારાબેન ચુનીલાલ ગોપાલજી શાહ પરિવાર તરફથી કરાયેલ. જેની વ્યવસ્થા ખૂબ સુંદર હતી અને ગામજનોએ ખૂબ સેવા આપી વ્યવસ્થા જાળવી હતી.

બપોરના વિજય મુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરશોતમદાસ ધનજી તથા શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ તથા શેઠ શ્રી રમણીકલાલ ગોપાલજી શાહ તથા શ્રીમતી તારાબેન ચુનીલાલ ગોપાલજી શાહ તરફથી ભણાવાયું હતું.

## કારતક વદિ-૧૧ ને ગુરૂવાર

આજે સવારના ભવજલ તરવા જહાજ સમાન અને મોક્ષનીપાજ સમાન નૂતન શ્રી જિનમંદિરનાં દ્વારોદ્‌ઘાટનનો પ્રસંગ હોવાથી શ્રાવક-શ્રાવિકા શ્રી સંઘ તેનો લાભ લેનાર રણછોડદાસ પરસોતમ ધનજીભાઇ હઃ નિર્મળાબેન તથા હેમચંદ ગોપાલજી પરિવારના ગૃહે વાજતે-ગાજતે ગયો હતો. હાથી ઉપર બેસીને સૌ પૂ. આચાર્યદેવેશ પાસે આવેલ અને વિનંતિ કરી વાજતે-ગાજતે બંગલે જઇ મંગલિક તથા સંઘપૂજન તેમણે કર્યું બાદ મંદિરે-પધારેલ અને ગોઠીડા દ્વાર ઉઘાડ ગીત તથા મંત્રોચ્ચાર થયા બાદ, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ અને નિર્મલતાનાં કારણભૂત મંદિરના દ્વાર તેઓએ ખુલ્લાં મૂકેલ. અને જરૂરી વિધિ-વિધાન થયા બાદ, સામુદાયિક ચૈત્યવંદનાદિ કરાયેલ.

પછી સવારના શ્રી સત્તરભેદી પૂજા શેઠ શ્રી હેમચંદભાઇ ગોપાલજી તરફથી ભણાવવામાં આવી હતી.

આજની સાધર્મિક ભકિત સવારની સ્વ. શેઠ શ્રી પરશોતમદાસ ધનજી મહેતા અને શેઠ શ્રી અરવિંદકુમાર કાળીદાસ મઢડાવાળા તરફથી; બપોરની શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ તરફથી અને સાંજની સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરશોતમદાસ મહેતા તરફથી કરવામાં આવી હતી. પૂ. આચાર્યદેવાદિ પધાર્યા હતા બાદ પૂ. મુ. શ્રી ધ્રુવસેન વિ. મ. પૂ. મુ. શ્રી અજિત વિ. મ. પૂ. મુ. શ્રી યુગયશોવર્ધન વિ. મ. પધાર્યા હતા. ઉપરાંત પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ. ઠા. ૪ તથા પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. ઠા. ૪ આ પ્રસંગે પધારીને શ્રી સંઘને ઉત્તમ લાભ આપ્યો હતો.

દરરોજ પ્રભુજીને મનોહર સુંદર અંગરચના કરવામાં આવતી હતી, વિવિધ પ્રભાવનાઓ કરાતી વિધિવિધાન ખૂબ સુંદર અને શાંતિથી **જામનગરવાળા** ભાઇ શ્રી **નવીનચંદ્ર બાબુલાલ શાહ** મંડળી સાથે કરાવેલ તથા પ્રભુભકિતની રમઝટ સંગીતકાર શ્રી

પરવડી જિનબિંબ પ્રતિષ્ઠા વિશેષાંકને હાર્દિક શુભેચ્છા...

**શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ**

પરવડી (પીન. ૩૬૪૨૭૫)

વાયા-પાલીતાણા સૌરાષ્ટ્ર

દલપતભાઇ નંદલાલભાઇની પાલીતાણાની મંડળીએ સારી મચાવી હતી અને પ્રભુભકિત રસમાં સૌને તરબોળ કર્યા હતા. ગારીઆધાર મંડળે પણ ભકિતમાં સુંદર રસ લીધો હતો.

રાજકોટના ગણેશ મંડપ સરવીસ તથા ધારેશ્વર ડેકોરેશને ખૂબ સારી સગવડતા આપી હતી. આમ નાના ગામમાં પણ આ પ્રતિષ્ઠાનો પ્રસંગ સૌના જીવનના અમૂલ્ય સંભારણા રૂપ બન્યો હતો.

અને શ્રી સંઘ તરફથી પણ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવનારા નાના-મોટા સર્વેનું ઉચિત બહુમાનાદિ પણ કરવામાં આવ્યું હતું અને સહયોગ આપનારા સર્વેનો હાર્દિક આભાર પણ માનવામાં આવ્યો હતો.

નિમંત્રક : સ્વ. શેઠ શ્રી રણછોડદાસ પરસોત્તમદાસ ધનજી મહેતાના પ્રણામ.

**તેનો જ દાનધર્મ સાચો !**

નામના માટે, કીર્તિ માટે, લોક સારા કહે તે માટે દાન કરનારની શ્રી જૈન શાસનમાં ફૂટી કોડિની કિંમત નથી, "લક્ષ્મી બહુ જ ભૂંડી છે, સંસારમાં ડૂબાડનારી છે, ઉન્માર્ગે લઇ જનારી છે, માટે તેનો સન્માર્ગે જેટલો ઉપયોગ થાય તે સારો છે જેથી આ લક્ષ્મી અને લક્ષ્મીની મમત્તા વહેલી છૂટી જાય" આવી ભાવનાથી દાન આપે તેનો જ દાનધર્મ સાચો મનાય !

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

## પ્રતિષ્ઠા મહોત્સવના ભાગ્યશાળી શુભેચ્છક

૧ જસ્મીન આર્ટસ્
૨ શ્રી ધનસુખ હીરાલાલ શાહ (એડવોકેટ)
૩ શ્રી શરદકુમાર મોહનલાલ શાહ
૪ શ્રી રૂપલ પ્રિન્ટર્સ
૫ શ્રી રતિલાલ બેચરદાસ મહેતા
૬ શ્રી ડો. દિનેશ સી. શાહ (નડીયાદ)
૭ શ્રી સોમચંદ કાળીદાસ શાહ (અમદાવાદ)
૮ શ્રી શરદચંદ્ર શિવલાલ શાહ (અમદાવાદ)
૯ શ્રી જયંતીલાલ ભોગીલાલ દેસાઇ (અમદાવાદ)
૧૦ શ્રી સરસ્વતી કાગદી એન્ડ પ્રીન્ટર્સ
૧૧ શ્રી જયંતીલાલ મગનલાલ શાહ (વાપી)
૧૨ શ્રી ચંદુલાલ મોહનલાલ શાહ
૧૩ શ્રી પારસમલ ભાનમલજી છાજેડ (માંડવલા)
૧૪ શ્રી સાંઇ ટેક્ષટાઇલ (મદ્રાસ)

CS CamScanner

૧૫ શ્રી મુકેશ ડી. વખારીઆ
૧૬ શ્રી તનવીરકુમાર એન્ડ કું.
૧૭ શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહ
૧૮ શ્રી શેઠ પોપટલાલ મગનલાલ સપરિવાર (સુરબાડ)
૧૯ શ્રી સદ્‌ગૃહસ્થ તરફથી
૨૦ શ્રી કલ્યાણજી ગંગાજર ભગત (મુંબઇ)
૨૧ શ્રી શાહ ગોપળજી લાલચંદ (પરવડી)
૨૨ શ્રી અંજવાળીબેન નરોતમદાસ ગાંધી સપરીવાર (પાલીતાણા)
૨૩ શ્રી શાહ નાગરદાસ કરશનદાસ સપરીવાર (કમળેજ)
૨૪ શ્રી શાહ ચત્રભુજ ખોડીદાસ સપરિવાર (ઇટાળીયા)
૨૫ શ્રી સૂરજબેન નગીનદાસ શાહ સપરિવાર (દેવગાણા)
૨૬ શ્રી ચંપાબેન જીવણલાલ શાહ સપરિવાર (મોટાસુરકા)
૨૭ શ્રી રાણપુરીયા પ્રજારામ જીવરાશભાઇ સપરિવાર
૨૮ શ્રી હીરાબેન ચત્રભુજ શાહ સપરીવાર (ચભાડીયા)
૨૯ શ્રી દોશી અમરચંદ વલમભાઈ સપરીવાર (બાબરા)
૩૦ શ્રી પ્રવીણાબેન ખાન્તીલાલ ગાંધી સપરિવાર (ખુટવડા)
૩૧ શ્રી સહેલી તથા પંક્તિ
૩૨ શ્રી મનુભાઇ પ્રભુદાસ વલ્લભદાસ દેસાઇ (પરવડી)
૩૩ શ્રી મહેતા બીઝનેસ સર્વીસીસ પ્રા. લીમીટેડ.
૩૪ શ્રી સંતોષ આયુર્વેદિક ડ્રગ સપ્લાય કું.
૩૫ શ્રી શાહ વિરચંદ છગનલાલ (સાંઢ ખાખરાવાળા)
૩૬ શ્રી કાંતીલાલ ચુનીલાલ શેઠ (પાલીતાણા) હાલ ઘાટકોપર
૩૭ શ્રી બોમ્બે કલકત્તા સ્ટીલ એજન્સી (બોરીવલી)
૩૮ શ્રી એચ. એલ. પી. ગૃપ મિત્ર મંડળ (ન્યુ બોમ્બે)
૩૯ શ્રી પુષ્પાબેન પ્રભુલાલ ઢીલા (મુદ્રા કચ્છ)
૪૦ શ્રી એસ. પી. ગૃપ હ. ચીનુભાઇ નેમચંદ શાહ (ગોરેગામ)
૪૧ શ્રી પ્રાણલાલ ગીરધરલાલ સંઘરાજકા
૪૨ શ્રી નીતીનભાઇ હીંમતલાલ મહેતા
૪૩ શ્રી શશીભાઈ પી. દેવાની
૪૪ શ્રી ચંપકલાલ નાગરદાસ શાહ
૪૫ શ્રી દલીચંદ જીવરાજ વોરા સપરિવાર (ગામ વીરછીયા)
૪૬ શ્રી વિનયચંદ જેચંદભાઇ દોશી સપરિવાર (ઉમરાળા)


## ✻ શેઠ શ્રી ગંભીરદાસ ગોપાળજી શાહ ✻

**પરિવાર પરવડીવાળા**

આગ્રારોડ ભીમાણી ભવન નં. ૧, રૂમ નં. ૪૪, સાઇનાથનગર ઘાટકોપર,
મુંબઇ-૮૬

# પ્રતિષ્ઠાના આદેશો લેનારા મહાનુભાવો

(૧) મૂળનાયક શ્રી સંભવનાથ પ્રભુજી-
શેઠ શ્રી હેમચંદ ગોપાલજી શાહ તથા શેઠ શ્રી પરશોતમ ધનજી પરિવાર.
પરવડીવાળા હાલ મુંબઈ.

(૨) શ્રી આદિનાથ પ્રભુજી-
શ્રી રમણીકલાલ ગોપાળજીભાઈ શાહ હસ્તે પ્રવિણચંદ્ર તથા મહેન્દ્રકુમાર સહપરિવાર પરવડી, હાલ મુંબઈ

(૫) શિખર કળશ-
સ્વ. શેઠશ્રી રણછોડદાસ પરસોતમદાસ મહેતા, ગં. સ્વ. નિર્મળાબેન રણછોડદાસ મહેતા પરવડી, હા. મુંબઇ

(૬) રંગમંડપ કાયમી ધજાદંડ-
શાહ ચુનીલાલ ગોપાલજીભાઈ સહ પરિવાર હસ્તે શૈલેશ સ્વ. જીતેન્દ્ર તથા કૌશિક પરવડીવાળા હાલ મુંબઇ

## દાન ધર્મની આરાધનાનો મહોત્સવ

શ્રી જિનશાસનમાં પ્રતિષ્ઠા અંજનશલાકાદિ મહોત્સવો એ દાન ધર્મની આરાધનાના મહોત્સવો છે. તમને ધન જેટલું કિંમતી લાગ્યું છે તેટલું દાન કિંમતી લાગ્યું છે? દાન માટે ધન મેળવવાનું નથી. ધન નામનું ભૂત વળગ્યું છે. તેનાથી છૂટવા માટે દાન છે. અહીં દાન ધર્મની તક મલી છે. દાન એ લક્ષ્મી નામની ડાકણના ફંદામાં ફસાયેલાને મૂકાવનાર ભુવા રૂપ છે. લક્ષ્મીની મૂર્ચ્છાથી એકેન્દ્રિય જીવો પણ દુઃખી થાય છે. લક્ષ્મી એવી છે કે જેને તેના પર રાગ થાય તે દુર્ગતિનો મહેમાન બને.

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

(૩) શ્રી શાંતિનાથ પ્રભુજી-
શ્રીમતી તારાબેન ચુનીલાલ ગોપાળજી હસ્તે વિરાગ શૈલેશકુમાર પરિવાર
પરવડીવાળા, મુંબઇ

(૪) કાયમી મુખ્ય શિખર ધજાદંડ-
સ્વ. શેઠશ્રી પરષોતમ ધનજી મહેતા પરિવાર પરવડી, હાલ મુંબઇ

(૭) રંગ મંડપ કળશ-
અ. સૌ. પ્રજ્ઞાબેન શૈલેશ ચુનીલાલ શાહ હસ્તે શ્રદ્ધા તથા વિરાગ પરવડી મુંબઇ.

(૮) સન્મુખ કાયમી ધજા દંડ-
અ. સૌ. ધીરજબેન ગંભીરદાસ ગોપાળજી શાહ. હસ્તે રાજેશ, ભાવેશ,

કેતન, પ્રીતેશ, નેમીષ સહપરિવાર પરવડીવાળા હાલ મુંબઇ

(૯) સન્મુખ કળશ–
ગં. સ્વ. લીલાવંતીબેન બાવચંદભાઇ કુંવરજીભાઇ હસ્તે ચિ. મનસુખભાઈ રમેશચન્દ્ર, ચન્દ્રકાન્ત, નવીનચન્દ્ર, દીનેશ. પરવડી હાલ ફાડચર

(૧૦) પ્રભુની જમણી બાજુ ઘુમ્મટ ઉપર કાયમી ધજા દંડ
શ્રી સવિતાબેન ચંપકલાલ નાગરદાસ માનગઢવાળા હાલ ડોબીવલી

(૧૧) જમણી બાજુ કળશ–
શેઠશ્રી પાનાચંદ ગુલાબચંદ મઢડાવાળા હસ્તે ગં. સ્વ. કમળાબેન પાનાચંદ શાહ

(૧૨) પ્રભુજીની ડાબી બાજુ ઘુમ્મટ ઉપર કાયમી ધજા દંડ–
શ્રી ચન્દ્રકાન્ત પરષોતમદાસ મહેતા પરવડી હા. મુંબઈ

(૧૩) ડાબી બાજુ કળશ–
સ્વ. અરવીંદકુમાર રતીલાલ ગીરધરભાઈ શાહ સહપરિવાર પરવડીવાળા હાલ અમદાવાદ.

(૧૪) દ્વાર ઉદ્‌ઘાટન–
શ્રી પરષોતમ ધનજી મહેતા હસ્તે જયસુખલાલ રણછોડદાસ મહેતા પરવડીવાળા હાલ મુંબઈ.

## આરાધના ભવન તથા જમીન દાતા

**આરાધના ભવન–**

શ્રીમતી પ્રાણકુંવરબેન અમરચંદ મહેતા પાલીતાણાવાળા. હ. ચન્દ્રકાન્ત પરસોતમદાસ મહેતા પરવડીવાળા હાલ મુંબઈ

**જમીનના દાતા–**

અમરચંદ બેચરદાસ મહેતા પાલીતાણાવાળા હ. ગં.સ્વ. નિર્મળાબેન રણછોડદાસ મહેતા પરવડીવાળા હાલ મુંબઇ.

### –: શ્રી દેરાસરની જમીનના દાન દાતા :–

(૧) શ્રી ગોપાળજી લાલચંદ તરફથી અ. સૌ. શ્રી ધીરજબેન ગંભીરદાસ ગોપાળજી પરિવાર પરવડીવાળા હાલ મુંબઇ.

(૨) સ્વ. હેમકુંવરબેન નાગરદાસના સ્મરણાર્થે ચંપકલાલ નાગરદાસ પરિવાર તરફથી માનગઢવાળા હાલ ડોબીવલી.

(૩) શેઠશ્રી પ્રતાપરાય પરષોમદાસ મહેતા પરવડી. મુંબઇ

| | | |
|---|---|---|
| ૬. | શાહ તલકચંદ કુંવરજીભાઇ | પરવડી |
| ૭. | શાહ વિનોદરાય વાલચંદભાઇ મોરચૂવણાવાળા | મુંબઇ |
| ૮. | શાહ પ્રાગજીભાઇ જાદવજીભાઇ | પરવડી |
| ૯. | શાહ ગંભીરદાસ ગોપાળજી | ,, |
| ૧૦. | શાંતિલાલ પરષોતમદાસ મહેતા પરવડી | મુંબઇ |
| ૧૧. | ચન્દ્રકાંત પરસોતમદાસ મહેતા ,, | ,, |
| ૧૨. | પ્રતાપરાય પરસોતમદાસ મહેતા ,, | ,, |

## તો જ સાચા ભાવે ભકિત થાય !

અનંત ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે–આ આખોય સંસાર ભૂંડો છે. સંસારની જેટલી સારી ચીજો છે, તે બધી પાપરૂપ છે અને પાપબંધનું કારણ છે. દુનિયાના જીવોને રાગ સારી ચીજ પર થાય છે અને દ્વેષ ખરાબ ચીજ પર થાય છે. આ રાગ અને દ્વેષ એ બે પાપરૂપ ન લાગે ત્યાં સુધી ભગવાનની ભકિત સાચા ભાવે થવી કઠીન છે. ભગવાનનો ભગત વિવેકી જોઇએ. ભગવાને વિહિત કરેલી ક્રિયા સારા ભાવથી કરે તો લાભ થાય, પણ એ સારો ભાવ આવે કયારે ! સંસારની બધી ચીજો પાપરૂપ લાગે તો. પૈસો અને પૈસાથી મળતું સુખ પાપરૂપ લાગે તો જ આ બધા ઉત્તમ પ્રસંગો લાભદાયી થાય. જેને પૈસો પાપરૂપ લાગે તેનું પુણ્ય પુણ્યાનુબંધી કહેવાય 'પોતાની પાસે પૈસો હોય તે આવા મંગળ ધર્માનુષ્ઠાનોમાં ખર્ચાય તો જ તે સફળ છે. બાકીનું બધું દુર્ગતિમાં લઇ જનાર છે. પૈસાનો ભોગ અને સંગ્રહ તો ચોકકસ દુર્ગતિમાં જ લઇ જનાર છે' આવી માન્યતાવાળો જીવ જ. ભગવાનની ભકિત સાચા ભાવે કરી શકે ! –પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !

| | | |
|---|---|---|
| ૧૩. | શ્રી હેમચંદ ગોપાળજી શાહ | મુંબઇ |
| ૧૪. | ડો. દિનેશચન્દ્ર શાહ | નડીયાદ |
| ૧૫. | શ્રી રાજીવ, નિરવ, સાગર | મુંબઇ |
| ૧૬. | શ્રી સુરેશ સોમચંદ શાહ | અમદાવાદ |
| ૧૭. | શ્રી મોહનલાલ ગોવીંદજી શાહ | દહાણુરોડ |
| ૧૮. | શ્રી નિરંજના રાજેન્દ્રકુમાર દોશી | મુંબઇ |
| ૧૯. | શ્રી પ્રજ્ઞા અરવિંદરાય શાહ નોંઘણવાળા | ,, |
| ૨૦. | અમિક્ષા નિશાન | ,, |

મુંબઇ

૨૧. શ્રી નિમેષ, મેહુલ મહેતા ઘેટી

૨૨. શ્રી અરુણાબેન પ્રદીપકુમાર

૨૩. શ્રી ચિરાગ રોહીતકુમાર શાહ

૨૪. હાર્દિક વિજય દોઢીયા

૨૫. શ્રી કેતન કિશોર પારેખ

૨૬. શ્રી સ્નેહા અને પાયલ મહેતા

૨૭. શ્રી હર્ષિત સિદ્ધાર્થ બખાઇ

૨૮. થી નવનીતરાય વલ્લભદાસ

૨૯. શ્રી શાંતિલાલ ફુલચંદ પારેખ

૩૦. શાહ અનંતરાય ગીરધરલાલ પરવડીવાળા હાલ અમદાવાદ

૩૧ શ્રી મનુબેન વાડીલાલ પારેખ

૩૨ શ્રી ઇન્દુમતી નગીનદાસ કંદાણુવાળા. હાલ પરવડી

૩૩ પટેલ પોપટભાઇ ગણેશભાઇ

૩૪. શાંતિલાલ ભગવાનદાસ

૩૫. કૌશિકકુમાર, શેતુર પીન્કલ મહેશકુમાર તથા હર્ષલ વિનોદરાય પરવડીવાળા

૩૬. શ્રી માલવીકા નિરંજન મહેતા


પરવડી જિનબિંબ પ્રતિષ્ઠા વિશેષાંકને શુભેચ્છા...

Phone : OF. 36412
RSi. 26556

卐 શેઠ શ્રી હેમચંદ ગોપાળજી શાહ 卐

પરિવાર પરવડીવાળા

**V. GUNVANT & Co.**

**Diamand Manufacturers**
**Importer and Exporters**

1007, Prasad Chember Opera House,
**BOMBAY—400004**

૩૭. શ્રી વસંતબેન ચંદુલાલ પાલીતાણા

૩૮. જાગૃતિ પેરી હીરલ

૩૯ હીરેન, હાર્દિક, કેતન, શીતલ પરવડી ગોરેગાંવ

૪૦. ત્નવી રૂપલ મનોજ અજમેરા

## : મનનીય માર્ગદર્શન :

'બોલીના પૈસા ગમે ત્યારે અપાય' આવા પ્રકારની જે હવા આજે ચાલુ થઈ છે. તેથી ઘણું નુકશાન થયું છે. તે પ્રણાલિકાથી ઘણાના પેટમાં ધર્માદા દ્રવ્ય ગયું છે. દાનની વાત એવી છે કે, બોલ્યા કે તરત જ આપવામાં જે ભાવોલ્લાસ આવે છે, તે પછી નથી આવતો.

બોલીના પૈસા જેઓ બોલે તેમણે તરત જ ચૂકવી દેવા તે પહેલા નંબરની શાહુકારી છે. પરન્તુ આજના વિષમકાળમાં તમારા વિષમ વ્યવહારના કારણે પૈસા પાસે ન હોય પણ આવવાના હોય તો આવે કે તરત જ બોલીના પૈસા આપી દેવા જોઈએ. પરંતુ પોતાના ઉપયોગમાં લેવા જોઈએ નહિ,

પૈસાના વહીવટ માટે વહીવટદાર થવાનું નથી. મંદિર જીર્ણ હોય અને પૈસા બેંકાદિમાં રાખી મૂકે તો તે ભારે પાપ બાંધે છે વહીવટદાર થનારે મન–વચન–કાયા અને શક્તિમુજબ ધનનો ભોગ આપવાની પણ તૈયારી રાખવી જ જોઈએ. તો જ તે સાચી રીતે ભગવાનની આજ્ઞામુજબ વહીવટ કરી શકે. જેમ આજ્ઞા મુજબનો 'વહીવટ કરનાર શ્રી તીર્થંકર નામ કર્મ બાંધે છે તેમ મરજી મુજબ વહીવટ કરનાર સંસારમાં ભટકે છે. માટે સમજીને કરશો તો કલ્યાણ થશે.

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

૪૧ શ્રી ભાવેશ નગીનદાસ બદાણી મુંબઈ

૪૨. પ્રભુદાસ ગીરધરલાલ દેવલાવાળા પરવડી

૪૩. સુરેશકુમાર કાંતિલાલ ગીરધરલાલ દેવલાવાળા. અમદાવાદ

૪૪. શ્રી ચન્દ્રીકાબેન ભોગીલાલ કામદાર મદ્રાસ

# 卐 પ્રતિષ્ઠા પ્રસંગને સાર્થક બનાવો ! 卐

—પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માની જો ખરેખર ઓળખ થઇ જાય તો આ મહોત્સવ આત્માનો સાચો મહોત્સવ બની જાય. બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ રાજરિદ્ધિ–સુખસાહ્યબી–સંપત્તિ આદિનો ત્યાગ કરી અણગાર થયા છે. અણગાર થઇને ભયંકર પરિષહો, ઘોર ઉપસર્ગો, અનેક કષ્ટો વેઠીને, મોહને મારી વીતરાગ થઇ, કેવળજ્ઞાન પામી અને જગતના ભવ્ય જીવોના કલ્યાણ માટે ધર્મ તીર્થની સ્થાપના કરે છે. આ વાત જાણવા છતાં પણ તમને આ દુનિયાનું સુખ અને પૈસો સારો કેમ લાગે છે–તે જ સમજાતું નથી !

અનંતજ્ઞાનીઓ ફરમાવે છે કે, આ આખો સંસાર કર્મથી ચાલે છે. તે કર્મમાં ત્રણ શક્તિ છે. જીવને દુઃખની સામગ્રી આપી દુઃખી કરવાની, સુખની સામગ્રી આપી પાગલ બનાવવાની અને પાપો કરાવી દુર્ગતિમાં મોકલી આપવાની. પરંતુ દુઃખની સામગ્રીમાં દુઃખી ન થવું, સુખની સામગ્રીમાં પાગલ ન બનવું અને પાપની તકો છતાં પાપ ન કરવાં તે સમજુ આત્માના હાથની વાત છે. કર્મ એ જ આત્માનો ખરેખર શત્રુ છે. કર્મ શત્રુનો નાશ કરે તે જ સાચો પરાક્રમી છે.

દુનિયાના સુખની સામગ્રી મળે અને તે સુખને મજેથી ભોગવે તે કર્મને શત્રુ માને છે કે મિત્ર માને છે ? કર્મ દુઃખ આપે, તેમાં કર્મને દોષ દેવો અને તે કર્મ ઉપર ગુસ્સો કરવો તે બેવકૂફી છે કે બુદ્ધિમત્તા છે ? પાપ કરવામાં આનંદ પામવો તે આત્માનો સ્વભાવ છે કે વિભાવ છે ? દુનિયાની જેટલી ક્રિયાઓ કરે છે તે બધી પાપરૂપ છે. પૈસો મેળવવો અને મજેથી ભોગવવો તે પણ પાપ છે. આમ હૈયામાં ન બેસે તો ભગવાનની આજ્ઞા મુજબ દાન થઇ શકે નહિ.

આ મહોત્સવ તે દાનનો મહોત્સવ છે. લક્ષ્મીની મૂર્છા ઉતારીને લક્ષ્મીને સન્માર્ગે વાપરવી તેનું નામ દાન છે. ભગવાનને પૈસા નથી જોઇતા, ભગવાનના સાધુને પણ પૈસાની જરૂર નથી. ભગવાનનો ધર્મ પણ કહે છે કે, મને કરવા માટે પણ પૈસાની જરુર નથી. ભગવાને પૈસા વિના થઇ શકે તેવો ધર્મ પણ બતાવ્યો છે.

પણ આજે કમનશીબીની વાત તો એ છે કે, જે મંદિરમાં લક્ષ્મીની મૂર્છા ઉતારવા જવાનું છે, તે મંદિરમાં લક્ષ્મીના લાલચુઓની લાલસાને પોષવાની અનુકૂળતા કરી

આપવા મૂર્ખાઓએ લક્ષ્મીની મૂર્ત્તિઓ પધરાવવી શરૂ કરી છે અને અજ્ઞાની-લોભીઓને તે
વાત ગમી ગઈ છે.

પણ લક્ષ્મી જેટલા લોભી અને ભારે ભોગી જીવો છે, તેમની પાસે રહેવા નથી
માગતી અને જે જીવો લક્ષ્મીને છોડવા જેવી માને છે, તેમને એ લક્ષ્મી છોડતી નથી.
દેવો પણ સારા માણસોના પૂજારી હોય છે. જયારે કળિકાળનું લક્ષણ છે કે-મૂર્ખાઓ
લક્ષ્મીદેવીના પૂજારી બન્યા છે! જે લક્ષ્મીના માલીક હોય તે જ ખરેખર સુખી છે.
બાકી લક્ષ્મીના ગુલામ ગમે તેટલા લક્ષ્મીમાન હોય, બહારથી સુખી દેખાતા હોય, તો
પણ અસલમાં સુખી નથી. લક્ષ્મીના માલિકોને જ આવા પ્રસંગો ખરેખર લાભદાયી બને
છે. મંદિરમાં ભગવાનને પધરાવવાની તમને આજે તક મલી છે, તે તમારૂં સદ્‌ભાગ્ય છે.
**લક્ષ્મીની મમતા ઉતારવાની ઉત્તમકોટિની ચાવી એ બોલી છે.**

આ જગત આખું લક્ષ્મીને દેવી કહે છે, સારી માને છે, પણ ભગવાનનું શાસન
અને ભગવાનના શાસનને સમજેલ આત્માઓ જ આ લક્ષ્મીને ખરાબ માને છે, છોડવા જેવી
માને છે, ડાકણ રૂપ માને છે. લક્ષ્મીને વશ જીવો કેવાં કેવાં પાપો આચરે છે? આજે
ભારતવર્ષમાં પ્રામાણિક અને નીતિમાન માનવ લગભગ શોધ્યો જડતો નથી. સારા માણ-
સોનો દુષ્કાળ પડયો છે.

લક્ષ્મીની મમતા ઉતારવાનો આ પ્રસંગ છે અને તે માટે તમે બધા આવ્યા છો
બોલી બોલીને લક્ષ્મીની મૂર્છા જ ઉતારવાની છે બોલી બોલીને નામ લખાવવાનું મન
થશે તો તમને સાચો લાભ પ્રાપ્ત નહિ થાય. વહીવટદારો નામ લખે તે તેમની ભક્તિ
છે, પણ બોલનારાને જો નામ લખાવવાનું મન થયું તો તેને માટે સારૂં નથી. માટે
નિઃસ્વાર્થભાવે મોક્ષના જ અર્થીપણાથી મળેલ ધનનો સદુપયોગ કરશો તો લાભ થશે
સૌ તે ભાવનાથી યથાશકય લાભ ઉઠાવી, ભગવાનની આજ્ઞાને હૈયામાં જચાવી, મંદિરમાં
ભગવાનને ગાદીનશીન કરી વહેલામાં વહેલું આત્મકલ્યાણ સાધો એજ શુભાભિલાષા.

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર **મંગળવારે** નિયમિત પ્રગટ થાય છે.

## જૈન શાસન ( અઠવાડિક )

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- આજીવન રૂા. ૩૦૦/-

**લખો : શ્રી જૈન શાસન કાર્યાલય** **શ્રી મહાવીર શાસન કાર્યાલય**

મસ્જીદ ચોક, **વઢવાણ શહેર**-૩૬૩૦૩૦ શાક મારકેટ સામે, **જામનગર**